ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




વિકાસ માટે વૃક્ષ છેદન - નેશનલ હાઈવે નિર્માણ માટે અડાલજથી ચિલોડા સુધીના માર્ગને સીક્સલેન માર્ગ બનાવવા સેંકડો વૃક્ષો કપાઈ રહ્યા છે... વિકાસ અને પર્યાવરણ વચ્ચેનું સંતુલન જાળવવામાં ક્યાંક ને ક્યાંક ઉણી ઉતરે છે... છેલ્લા બે સપ્તાહથી વૃક્ષ છેદન સામે પ્રજાકીય રોષ વધતો જાય છે પરંતુ એ જ ગતિએ વિકાસ માટે વૃક્ષો કપાઈ રહ્યા છે...

# ગુડાની કચેરીમાં મેન પાવરના અભાવે ધક્કે ચઢતા અરજદારોમાં રોષ

### આવાસ યોજનાને અનુલક્ષી પુછતાછ અને રજુઆતો માટે આવતા અરજદારો ધક્કે ચઢે છે : આનુસંગિક વહીવટી પ્રક્રીયા માટે મેન પાવરનો અભાવ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમાં હાલ મુલાકાતીઓની અવરજવર વધી ગઈ છે. આવાસ યોજનાને અનુલક્ષીને જરૂરી પુછતાછ માટે અરજદારોની ભીડ જામે છે. આવા સંજોગોમાં મેન પાવરના અભાવે કથળતા ગુડાના વહીવટ વચ્ચે અરજદારોની રજુઆતને ન્યાય ન મળે તેવી સ્થિતિ મુલાકાતીઓ માટે અસંતોષનુ કારણ બની છે.

ગુડાની કચેરીમાં આજકાલ વિશેષ ધમધમાટ જોવા મળે છે. નવી આવાસ યોજનાને અનુલક્ષીને અરજદારોની ભીડ જામે છે. જયારે ફોર્મ અંગેની પુછતાછ તેમજ અન્ય લાભાર્થીઓને સતાવતા પ્રશ્નો મામલે પણ કચેરીમાં દિવસ દરમિયાન ધમધમાટ જોવા મળી રહ્યો છે. પરંતુ ગુડા પાસે પુરતો મેન પાવર ન હોવાથી અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. એકબાજુ વહીવટી કામગીરી માટે પુરતો સ્ટાફ નથી ત્યારે નવી આવાસ યોજનાના આયોજનને અનુલક્ષી રોજબરોજ કચેરીમાં ઉમટતા અરજદારોને સાંભળવા માટે પણ સ્ટાફ સભ્યો પાસે સમય નથી. આવા સંજોગોમાં દુરના ગામોમાંથી પોતાનો પ્રશ્ન લઈને અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. મેન પાવરના અભાવ વચ્ચે ગુડાનો વહીવટ કથળ્યો છે.

બીજીતરફ ગુડાના આવાસોમાં રહેતા ભાડુઆતોની ચકાસણી માટે પણ ગુડા દ્વારા ઝુંબેશ ઉપાડવામાં આવી છે. જેથી નવી ભરતીના સ્ટાફને આ વધારાની જવાબદારી માથે આવી પડી છે. આવા સંજોગોમાં ઓફિસ સુધી લાંબા થતા લાભાર્થીઓ કે અરજદારોને સાંભળવાનો પણ કોઈની પાસે સમય ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ગુડા દ્વારા કુડાસણ અને સરગાસણમાં નવી આવાસ યોજના તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે હાલ આ યોજનાને અનુલક્ષી અરજદારો માટે ફોર્મ ભરવાનો આખરી તબક્કો ચાલી રહ્યો છે. જેના લીધે ગુડાની કચેરીમાંપણ આ મામલે પુછતાછ કરવા માટે પણ અરજદારોના આંટા વધી ગયા છે. આવા સંજોગોમાં અધિકારીઓ પાસે પણ એકથી વધુ ચાર્જ હોવાથી વહીવટી કામગીરી મુશ્કેલ બની છે.

# જુના સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ-ખાબડ : દરખાસ્ત હજુ પણ પેન્ડીંગ

### વાઈબ્રન્ટ દરમિયાન મુખ્યમાર્ગોનુ રીસરફેસીંગ કરી દેવાયુ પરંતુ આંતરિક માર્ગોની સુધારણા હજુ પણ અધ્ધરતાલ

ગાંધીનગર તા ૩૦

શહેરમાં જુના સેકટરોના આંતરિક માર્ગોની દરખાસ્ત હજુ પણ અધ્ધરતાલ છે. પાટનગર યોજના ભવન દ્વારા જુના સેકટરોના આંતરિક માર્ગોની બાકી રહેતી કામગીરી પુર્ણ કરવા માટે અગાઉ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ દરખાસ્ત સંદર્ભે વિભાગ દ્વારા મંજુરી ન અપાતા રસ્તાના કામો અટવાયેલા છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં માર્ગ સુધારણાની બાકી કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં મોટાભાગના કામો વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી પુર્ણ કરી દેવાયા છે. જયારે હજુ પણ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ બાકી છે. જેમાં સે-૨૦ થી ૩૦ ના આંતરિક માર્ગોની સુધારણાને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી વિભાગ કક્ષાએથી આ દરખાસ્તને મંજુરી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડીનુ જોર યથાવત : પારો ૮.૯ ડિ.સે.

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ઠંડી યથાવત રહી છે. વારંવાર ફુંકાતા ઠંડા પવનો વસાહતીઓને પરેશાન કરી રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાન ૮.૯ ડિ.સે. નોંધાયુ હતુ. જોકે મહત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ વધ્યુ હતુ.

શહેરમાં છેલ્લા બે માસથી સતત કાતિલ ઠંડી પડી રહી છે. અગાઉ ન પડી હોય તેવી રેકોર્ડબ્રેક ઠંડીના કારણે વસાહતીઓ ત્રાસી ગયા છે. લઘુત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી ૧૦ ડિગ્રીની નીચે રહેતા વસાહતીઓ હાડ થીજવી દેતી ઠંડી અનુભવી રહ્યા છે. લઘુત્તમ તાપમાન ઘટવાની સાથો સાથ મહત્તમ તાપમાન પણ સતત ઘટતુ રહ્યુ છે. ઠંડા પવનોએ તો રીતસર કહેર મચાવ્યો છે. જોકે આજે ઠંડા પવનોથી થોડીક રાહત મળી હતી. મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થયો હતો. જેના કારણે દિવસ દરમ્યાન થોડીક રાહત અનુભવાઈ હતી. જોકે લઘુત્તમ તાપમાન ૮.૯ ડિ.સે. પર યથાવત રહ્યુ હતુ.

# જન્મ સમયે જ ત્રણ હજાર કરતાં વધુ બાળકો ઓછુ વજન ધરાવતા નોંધાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ત્રણ હજારથી પણ વધુ બાળકો જન્મ સમયે જ ઓછુ વજન ધરાવતા હોવાની ચોંકાવનારી હકીકત જિલ્લા આરોગ્યતંત્રના ધ્યાને આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લામાં એની મીક માતા પણ ૫૭ ટકા જેટલી જણાઈ હોવાના હકીકતો બહાર આવી રહી છે. જેમાં ૨૨ ટકા સગર્ભાઓ હાઈરિસ્ક કેટેગરીમાં હોવાની વાતો પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળી રહી છે.

જિલ્લામાં એક તરફ કુપોષણ મુક્તિ અભિયાન સઘન બનાવવાના આયોજનો થઈ રહ્યા છે તેયાં જ આ ચોંકાવનારી હકીકતોથી તંત્ર હચમચી જવા પામ્યુ છે.

જિલ્લામાં પ્રસુતાઓની સંખ્યામાં પણ દર વર્ષે ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ જન્મ સમયે જે વજન હોવુ જોઈએ બાળકનું તેના કરતાં પણ ઓછુ વજન ધરાવતા બાળકો જન્મ લઈ રહ્યા છે.

એક અંદાજ પ્રમાણે જિલ્લામાં સમયે ઓછુ વજન ધરાવતા બાળકો સરેરાશ ૧૫ ટકા જેટલા જણાયા છે. જન્મ સમયે ઓછુ વજન ધરાવતા બાળકો સૌથી વધુ દહેગામમાં આ પછી ગાંધીનગરમાં અને ત્યારબાદ માણસા ગાંધીનગરનો ક્રમ આવતો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ઓછુ વજન ધરાવતા બાળકો એ તંત્રની ચિંતાનો વિષય બન્યા છે. આ ઉપરાંત સગર્ભા માતાઓ પણ કુપોષિત હોવાની ટકાવારી વધુ જણાઈ હોવાથી તંત્ર દ્વારા વિવિધ યોજનાઓ જે અમલમાં છે તેની અમલવારી સામે પણ પ્રશ્નાર્થ ઉભો કરી રહેલ છે.

જિલ્લામાં કુપોષિત બાળકો અંગે તાજેતરમાં કરાયેલા સર્વેમાં ૩૫૦ જેટલા જ બાળકો સિવીયર માસ ન્યુટ્રીશયન ધરાવતા મળ્યા હોવાનું તંત્ર કહી રહ્યુ છે. પરંતુ બીજી તરફ કુપોષિત સગર્ભા માતાઓનું પ્રમાણ અને સરેરાશ ૧૫ ટકા જેટલા બાળકો ઓછુ વજન ધરાવતા નોંધાયા હોઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

# મનપાની બજેટ બેઠક ૭મી ફેબ્રુઆરીએ

### ગુરૂવારે રજુ થનારા બજેટને લઈ અનેક પ્રકારના તર્ક-વિતર્ક રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા ૭મી ફેબ્રુઆરીને ગુરૂવારના રોજ બપોરે ૧૨ કલાકે મળશે.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં ૨૦૧૯-૨૦ના અંદાજપત્રની રજુઆત કરી અને બહાલી આપવા અંગે આ બેઠક મળશે. આ બજેટ પસાર કરાશે કે પછી કમિશનરને નવુ બજેટ રજુ કરવાની ભલામણ સાથે પરત મોકલવામાં આવશે તેને લઈ રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારના તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

સ્થાયી સમિતિ અમલમાં ન હોવાથી બજેટ સીધુ સામાન્ય સભામાં રજુ કરવામાં આવનાર છે. આથી સ્થાયી સમિતિ જે કંઈ સુધારા-વધારા કરવા ઈચ્છતી હોય તે થશે નહિ પણ સીધુ સામાન્ય સભામાં રજુ થશે.

મનપાનું નવુ બજેટ કેવુ હશે તેને લઈ પણ અટકળો તેજ બની છે. કેટલાક લોકોનું કહેવુ છે કે લોકસભાની ચૂંટણી આવી રહી હોવાથી કોઈ જ નવા કરવેરા લાદવામાં નહિ આવે. જો કે એવી પણ વાત પ્રવર્તી રહી છે કે રંગમંચ તેમજ જે ભાડાની આવક છે તેમાં વધારો કરાશે અને આવકના નવા સ્ત્રોતો ઉભા કરવા પર સીમીત ધ્યાન કેન્દ્રીત કરાશે.

મિલ્કતવેરાની આવક અગાઉના વર્ષ કરતાં સારી થઈ હોવાથી હમણાં કોઈ નવા ફેરફાર કરાશે નહિ. બજેટમાં વિકાસના કામો પર વિશેષ ભાર મુકવા કરવા ઉપરાંત શહેરની સ્વચ્છતાને વધુ સઘન બનાવવા માટે કેવા પગલાં સૂચવવામાં આવે છે તેના પર ભાર મુકવામાં આવશે.

ભાજપના આગેવાનોએ બજેટ જનતાની અપેક્ષા ધરાવતુ બજેટ બને તે માટે મંત્રીશ્રીને મળી રજુઆત કરી ચુક્યા છે. જોકે નવા બજેટમાં ઉદ્યાન નગરીના કેટલાક ઉદ્યાનોના નવીનીકરણ માટેનો

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



અમારા મોટાભાઈશ્રી
**રજુજી બબાજી ગોલ**
(પ્રમુખશ્રી, રાજધાની વસાહત સેવા મંડળ, સેક્ટર-૧૭, ગાંધીનગર) નું
તા. ૨૮/૦૧/૨૦૧૯ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૦૧/૦૨/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: ૨૦૨/૧, સૂર્યનારાયણ સોસાયટી, સે.૨૫, ગાંધીનગર

દશરથસિંહ બબાજી ગોલ (વાવોલ)
સ્વ.દિલીપસિંહ બબાજી ગોલ
કુબેરસિંહ કાળુજી ગોલ
અમરસિંહ સરદારસિંહ ગોલ
વિક્રમસિંહ સરદારસિંહ ગોલ
ભરતસિંહ શિવાજી ગોલ
કમલેશજી વેરૂજી ગોલ
ગાંડાજી ગોબરજી ગોલ
સ્વ.અજયસિંહ રજુજી ગોલ
ઈન્દ્રસિંહ રજુજી ગોલ
સ્વ.મહેન્દ્રસિંહ રજુજી ગોલ
સુરેન્દ્રસિંહ દિલીપસિંહ ગોલ
જયેશસિંહ દિલીપસિંહ ગોલ
ચંદ્રેશસિંહ દશરથસિંહ ગોલ
કિશોરસિંહ ઈન્દ્રસિંહ ગોલ
સિધ્ધરાજસિંહ અજયસિંહ ગોલ
ધનરાજસિંહ મહેન્દ્રસિંહ ગોલ





શહીદીને આદર - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સહિત નામી-અનામી સેંકડો શહીદોને મૌન અંજલિ આપવા સમગ્ર રાષ્ટ્રમાં બરાબર ૧૧ના ટકોરે બે મિનિટ સામુહિક મૌન પળાયું હતું... શહેરમાં સરકારી કચેરીઓ સહિત માર્ગો અને બિનસરકારી સંકુલોમાં પણ ૧૧ વાગ્યે નાગરિકોએ અદબ જાળવી મૌન પાળ્યું હતું... દેશની આઝાદી માટે જાન કુરબાન કરનાર શહીદોને આદર આપવા સૌ નાગરિકો નતમસ્તકે ભાવપૂર્ણ અંજલી આપે છે...

# સેક્ટર-૨૦માં પિતા-પુત્ર બન્ને સ્વાઈન ફલુની ઝપટમાં આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્વાઈન ફલુના બે કેસ નોંધાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ સાથે ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૪ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૦માં રહેતા એક પરિવારના પિતા-પુત્ર બન્નેને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં બન્નેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે મોડી રાત્રે પિતા કે જે ૫૦ વર્ષની આયુ ધરાવે છે તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ. આજે આ જ પિતાનો ૨૦ વર્ષનો પુત્ર પણ જે તેમની સારવાર સાથે સંકળાયેલ હતો તેનો ટેસ્ટ કરાતાં તે પણ સ્વાઈન ફલુની ઝપટમાં આવી ગયેલો જણાયો હતો.

તંત્ર દ્વારા સેક્ટર-૨૦માં સઘન સર્વેલન્સના આદેશ જારી કરવામાં આવ્યા છે. તંત્રને સર્વેલન્સ દરમ્યાન કોઈ નવો દર્દી કે શંકાસ્પદ દર્દી મળી આવ્યા ન હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા શહેરમાં વધતા જતા ઠંડીના પ્રકોપને કારણે સ્વાઈન ફલુના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ શરદી, કફના દર્દીઓ માટે કેટેગરીવાઈઝ ગુણવત્તાસભર ઝડપી સારવારની સૂચનાઓ તબીબી અધિકારીઓને આપી છે. સે. ૮ બાદ સે. ૩ અને હવે સે. ૨૦માંથી એક સાથે બે કેસ મળતાં તંત્ર દ્વારા સઘન સર્વેલન્સના આદેશો જારી કરાયા છે. સર્વેલન્સ આવતીકાલે પણ ચાલુ રહેશે તેમ જાણવા મળેલ છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

દુકાન વેચવાની છે
પેથાપુર પ્રણામ સ્કવેરમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં
160 Sq.Feet
ફુલ ફર્નીચર દુકાન (ગારમેન્ટ) વેચવાની છે.
મો. ૯૫૫૮૩૭૯૦૨૧
મો. ૭૫૬૭૪૮૩૯૦૧

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



GSPC

USED VEHICLE FOR SALE

| Sr. No | Detail of Vehicle | Type of Vehicle | Year of Purchase | Minimum Base Value |
|---|---|---|---|---|
| 1 | DL2 CP 4981 | Maruti Esteem VXI P /2005 | 2005 | 30000 |
| 2 | GJ 18 AH 0855 | Toyota Innova 2.5 G P/ 2008 /CNG | 2008 | 175000 |

Interested parties may inspect the vehicle at parking space at GSPC Bhavan at given address during 11.00am to 05.00 pm on any working day. The offers for purchase of vehicle may be submitted in sealed cover with (EMD) of Rs. 3000/- by demand draft / Cheque in favour of Gujarat State Petroleum Corporation Ltd, payable at Gandhinagar to be submitted at following address latest by 5.00 pm on or before 08-02-2019 Bidders should quote value which is higher than the minimum base value mentioned in the table. The bidders are requested to mention "Offer for purchase of Vehicle" on top of the sealed cover for identification. Tax to be paid extra on quoted price. Transfer / NOC process to be taken care by company. Re-registration to be taken care by the buyer. The company reserves its right to reject any or all the offers without assigning any reason. Contact person - 9909930890

Sr. Vice President ( Accounts & Admin ) ,
GUJARAT STATE PETROLEUM CORPORATION LIMITED
GSPC Bhavan , 4th Floor , Sector -11 , Gandhinagar - 382010



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com